# 47

**અમદાવાદ ચંડોળા તળાવ ડેવલપમેન્ટની કામગીરી**

* 15/4/2185: **શ્રી શૈલેષ મનુભાઇ પરમાર** (દાણીલીમડા): **ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૩૧/૦૩/૨૦૨૧ (બીજી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૩૧૩૮૪(અગ્રતા–૨૦૯)ના અનુસંધાને માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે:–**

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| (૧) | અમદાવાદ શહેરમાં આવેલ ચંડોળા તળાવનો કબ્જો મેળવવાની કાર્યવાહી કલેકટર અમદાવાદના પરામર્શમાં ચાલી રહેલ તે કાર્યવાહી તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ક્યારે પૂર્ણ કરીને કબ્જો મેળવવામાં આવ્યો, | (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સદર તળાવનો કબજો મેળવવાની કાર્યવાહી ચાલુ છે. |
| (૨) | ઉક્ત તળાવનો કબ્જો મેળવવાની કાર્યવાહી પૂર્ણ ન થયેલ હોય તો તેના કારણો શા છે, અને | (૨) | મ્યુનિસિપલ કમિશનરશ્રી દ્વારા તા.૧૦/૧૦/૨૦૨૩ના રોજ યથાસ્થિતિ કબ્જો સંભાળી લેવા નિર્ણય લેવાયેલ. હાલમાં ડિસ્ટ્રીકટ ઇન્સપેકટર લેન્ડ રેકર્ડ(DILR) પાસે માપણી કરાવી, સર્વે કરાવી સદર જગ્યા પર થયેલ રહેણાંક/વાણિજ્ય/ધાર્મિક દબાણો વગેરે પરિબળોને ધ્યાને લઇ કાર્યવાહી હાથ ધરવાની થાય છે. |
| (૩) | ઉક્ત તળાવનો કબ્જો ક્યાં સુધીમાં મેળવવામાં આવશે? | (૩) | ઉપર્યુક્ત મુદ્દા નં.૨ ની વિગતે કરેલ આયોજન મુજબ કાર્યવાહી પૂર્ણ થયેથી ચંડોળા તળાવનો ત્વરિત કબ્જો મેળવવામાં આવશે. |

-----------